# IBM ગોપનીયતા નિવેદન

આ ગોપનીયતા નિવેદન 26 ઓગસ્ટ 2025 સુધી લાગુ છે

અમારો સંપર્ક કરો →



આ ગોપનીયતા નિવેદન અપડેટ કરવામાં આવ્યું છે

પાછલા સંસ્કરણો →

# પરિચય

IBM ખાતે અમે તમારી ગોપનીયતાને મહત્ત્વ આપીએ છીએ અને તમારી વ્યક્તિગત માહિતીને જવાબદારીપૂર્વક સુરક્ષિત રાખવા તેમજ તેના પર પ્રક્રિયા કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

IBM જેમની સાથે વ્યાપાર સંબંધ ધરાવે છે અથવા તે અંગે વિચાર કરે છે તેવા તેના ક્લાયન્ટ્સ, વ્યવસાયિક ભાગીદારો, સપ્લાયર અને અન્ય સંસ્થાઓ અંતર્ગતના ગ્રાહકો તથા અન્ય વ્યક્તિઓ વિશેની વ્યક્તિગત માહિતી IBM કેવી રીતે એકત્રિત કરે છે, ઉપયોગ કરે છે અને શેર કરે છે તે આ ગોપનીયતા નિવેદન વર્ણવે છે. તે IBM Corporation અને IBM પેટાકંપનીઓને લાગુ પડે છે સિવાય કે જ્યાં પેટાકંપની IBMના સંદર્ભ વિના પોતાનું નિવેદન રજૂ કરતી હોય.

અમે ક્લાયન્ટને બિઝનેસ-ટુ-બિઝનેસ પ્રદાતા તરીકે ઉત્પાદનો, સેવાઓ અથવા ઍપ્લિકેશન પ્રદાન કરતા હોઇએ ત્યાં, આ ઉત્પાદનો, સેવાઓ અથવા ઍપ્લિકેશનનો ઉપયોગ કરતી વખતે વ્યક્તિગત માહિતી એકત્ર કરવાની અને તેનો ઉપયોગ કરવાની જવાબદારી ક્લાયન્ટની છે. આ એકત્રીકરણ અને ઉપયોગ ક્લાયન્ટની ગોપનીયતા નીતિ દ્વારા આવરી લેવામાં આવે છે, સિવાય કે અન્યથા વર્ણવેલ હોય. ક્લાયન્ટ સાથેનો અમારો કરાર અમને કરાર સંચાલનના કારણોસર આ ઉત્પાદનો, સેવાઓ અથવા ઍપ્લિકેશનના અધિકૃત વપરાશકર્તાઓ વિશેની માહિતીની વિનંતી અને એકત્રિત કરવાની મંજૂરી આપે તેમ બની શકે છે. આ કિસ્સામાં, આ ગોપનીયતા નિવેદન અથવા પૂરક ગોપનીયતા નોટિસ, લાગુ પડે છે.

અમે પૂરક ગોપનીયતા નોટિસનો ઉપયોગ કરીને વધારાની ડેટા ગોપનીયતા માહિતી પ્રદાન કરીએ તેમ બની શકે છે.

# અમે એકત્રિત કરીએ છીએ અને ઉપયોગ કરીએ છીએ તે અંગત માહિતી

આ વિભાગ અમે એકત્રિત કરીએ છીએ તે વિવિધ પ્રકારની માહિતી અને તેનો અમે કેવી રીતે ઉપયોગ કરીએ છીએ તેનું વર્ણન કરે છે.

તેમાં તમારા ખાતા, IBM વેબસાઇટ્સ, IBM ઍપ્લિકેશન, ક્લાઉડ અને ઑનલાઇન સેવાઓ, માર્કેટિંગ, કરાર સંબંધી સંબંધો, સપોર્ટ સેવાઓ, તમારું અને IBMનું રક્ષણ, IBM સ્થાનો, ભરતી અને ભૂતપૂર્વ કર્મચારીઓ, અમારા બિઝનેસ ઓપરેશન્સનું સંચાલન, કૂકીઝ અને સમાન ટેક્નોલોજીઓ, તેમજ બાળકો વિશેની માહિતીનો સમાવેશ થાય છે.

અમે જે માહિતી એકત્રિત કરીએ છીએ અને ઉપયોગમાં લઈએ છીએ તેમાં પ્રોફાઇલ માહિતી, વેબપેજીસ પરની ક્રિયાપ્રતિક્રિયાઓ, માર્કેટિંગ પસંદગીઓ, દૂષિત પ્રવૃત્તિઓની તપાસ કરવા માટેની માહિતી, સપોર્ટના હેતુસર અમારી સાથેની તમારી વાતચીતના રેકોર્ડિંગ્સ અથવા ટ્રાન્સક્રિપ્ટ્સ, અમારી વ્યવસાયિક કામગીરીને સુધારવા માટેની માહિતી અને અન્ય બાબતોનો સમાવેશ થઈ શકે છે.

---

### તમારું ખાતું

તમે IBMid બનાવીને IBM સાથે એકાઉન્ટ બનાવી શકો છો. IBMid તમારું નામ, ઇમેઇલ એડ્રેસ, પત્રવ્યવહારનું એડ્રેસ અને તમે પ્રદાન કરી શકો તેવી સંબંધિત માહિતી IBM ને આપે છે. IBM ઍપ્લિકેશન, ક્લાઉડ અને ઑનલાઇન સેવાઓ જેવી અમુક સેવાઓ માટે અમને IBMidની જરૂર પડી શકે છે.

મે અમને પ્રદાન કરો છો તે અથવા અમે તમારી સંસ્થા, અમારા વ્યવસાયિક ભાગીદારો અથવા અમારા સપ્લાયર્સ પાસેથી એકત્રિત કરીએ છીએ તે વ્યવસાય સંપર્ક માહિતીમાંથી પણ અમે તમારી વિગતો સંગ્રહિત કરીએ તેમ બની શકે.

વધુ જાણો

જ્યારે તમે અમારી વેબસાઇટ્સ ઍક્સેસ કરો, વિનંતી કરો અથવા ઓર્ડર કરો કે ઉત્પાદન અથવા સેવાનો ઉપયોગ કરો છો ત્યારે IBMid થકી તમને વિશિષ્ટ ઓળખ અપાય છે. જો તમે IBMid વડે અમારી વેબસાઇટ્સમાં લોગ ઇન કરો તો અમે એકત્રિત કરેલી માહિતીને અમે તમારા ખાતા સાથે લિંક કરીએ તેમ બની શકે. IBMidનો ઉપયોગ તમને [IBMની ઍપ્લિકેશન, ક્લાઉડ અને ઑનલાઇન સેવાઓ] નો ઍક્સેસ આપવા માટે પણ થાય છે અને તેના થકી તમે તમારા કરાર અને બિલિંગ ઇતિહાસનું સંચાલન પણ કરી શકો છો. તમારા IBMidમાં આપેલા ઇમેલ એડ્રેસનો ઉપયોગ તમે જે કોઇ પણ સેવાઓ માટે સબ્સ્ક્રાઇબ કરો છો તેના સંબંધમાં તમારો સંપર્ક કરવા માટે થઇ શકે છે.

વ્યવસાયિક સંપર્ક માહિતી એ સામાન્ય રીતે એવી માહિતી છે જે તમને બિઝનેસ કાર્ડ પર મળશે, જેમ કે નામ અને વ્યવસાયિક સંપર્ક વિગતો. અમે આ માહિતીનો ઉપયોગ વ્યવસાયિક બાબતો વિશે તમારો સંપર્ક કરવા અથવા તમારી સાથે વાતચીત કરવા માટે કરીએ છીએ. જો અમને તૃતીય પક્ષ, જેમ કે IBM બિઝનેસ પાર્ટનર અથવા સપ્લાયર પાસેથી વ્યવસાયિક સંપર્ક માહિતી પ્રાપ્ત થાય, તો માહિતી યોગ્ય રીતે શેર કરવામાં આવી હોવાની અમે પુષ્ટિ કરીશું.

અમે તમારી વ્યવસાયિક સંપર્ક માહિતીને અન્ય વ્યવસાય-સંબંધિત માહિતી સાથે પણ જોડી શકીએ છીએ, જેમ કે તમારા વ્યવસાયિક શિક્ષણ વિશેની માહિતી, કુશળતા, કાર્ય અનુભવ અથવા વ્યવસાય-સંબંધિત બ્લોગ્સ, પ્રકાશનો, નોકરીની ભૂમિકાઓ અને પ્રમાણપત્રો જેવી અન્ય જાહેરમાં ઉપલબ્ધ માહિતી. આ માહિતીનો ઉપયોગ IBMના વ્યવસાયના કોઇ પણ ભાગમાં તમારી સાથેની અમારી ક્રિયાપ્રતિક્રિયાઓને તમારી અનુરૂપ બનાવવા માટે થઇ શકે છે, ઉદાહરણ તરીકે વેચાણ પ્રક્રિયામાં, તમારી સાથે સંબંધ જાળવવા અને કરાર પછીના સંબંધો માટે.

તમે રોજગારી મેળવતા હોવ, કરારગત હોવ અથવા સ્વંયસેવક હોવ તેવી સંસ્થાની માલિકીના ડોમેનમાં સમાવિષ્ટ ઈમેઈલ એડ્રેસનો ઉપયોગ કરીને તમારું એકાઉન્ટ બનાવવામાં આવ્યું હોય તો, તમારી સંસ્થા:

- તમારા એકાઉન્ટની સ્થિતિ વિશે પૂછપરછ કરી શકે છે,
- તમારા એકાઉન્ટ સેટિંગ્સ માટે વિનંતી કરી શકે છે (તમારી અંગત માહિતી સહિત), અને,
- તેના વિકલ્પ પર, તેને એન્ટરપ્રાઇઝ ID માં રૂપાંતરિત કરી શકે છે.

જો તમારું એકાઉન્ટ એન્ટરપ્રાઇઝ ID તરીકે બનાવવામાં આવ્યું હતું અથવા તેમાં રૂપાંતરિત કરવામાં આવ્યું હોય, તો તમારી સંસ્થા તમારી એકાઉન્ટની માહિતીનું સંચાલન કરે છે. તે તમારા ID માટે પ્રમાણીકરણ કરતી એજન્સી પણ છે, એટલે કે તમારી ઍક્સેસ તમારી સંસ્થાની લોગિન સેવા દ્વારા નિયંત્રિત થાય છે.

જો તમારું IBMid એન્ટરપ્રાઇઝ ફેડરેશન પાર્ટનર (ઓળખ પ્રદાતા) દ્વારા બનાવવામાં આવ્યું હોય, તો મૂળભૂત વ્યક્તિગત માહિતી ઓળખ ભાગીદાર પાસેથી એકત્રિત કરવામાં આવે છે અને IBM સાથે શેર કરવામાં આવે છે.

## IBM વેબસાઇટ્સ

અમારી વેબસાઇટ્સ અમારા વિશે, અમારા ઉત્પાદનો અને સેવાઓ વિશે તમારી સાથે વાતચીત કરવાની રીતો પ્રદાન કરે છે. અમે વેબસાઇટ્સ પર જે માહિતી એકત્રિત કરીએ છીએ તેનો ઉપયોગ તમને વેબસાઇટની ઍક્સેસ પ્રદાન કરવા માટે, વેબસાઇટ ચલાવવા માટે, તમારા અનુભવને બહેતર બનાવવા માટે અને તમને અનુરૂપ હોય તે રીતે તમને માહિતી પ્રદાન કરવા માટે થાય છે. જો તમે કોઈ ખાતા, વડે લૉગ ઇન કર્યા વિના અમારી વેબસાઇટ્સની મુલાકાત લો, તો પણ અમે તમારી વેબસાઇટની મુલાકાત સાથે જોડાયેલી હોય એવી માહિતી એકત્રિત કરીએ તેમ બની શકે.

અમે જે ટેક્નોલોજીનો ઉપયોગ વેબસાઇટની માહિતી એકત્રિત કરવા અને તમારી પસંદગીઓ સેટ કરવા માટે કરીએ છીએ તેના વિશે વધુ માહિતી માટે કૂકીઝ અને સમાન ટેક્નોલોજીઓ જુઓ.

વધુ જાણો

અમે અમારી વેબસાઇટના તમારા ઉપયોગ વિશે માહિતી એકત્રિત કરીએ છીએ, જેમ કે:

- તમે જુઓ છો તે વેબપેજીસ,
- તમે આ પેજીસ પર કેટલો સમય પસાર કરો છો,
- તમને અમારા પેજીસનો સંદર્ભ આપનારું વેબસાઇટ URL,
- તમારા IP એડ્રેસ પરથી મેળવવામાં આવેલી તમારી ભૌગોલિક માહિતી,
- અને તમે પસંદ કરેલા કોઈ પણ હાઇપરલિંક.

અમે આ માહિતીનો ઉપયોગ અમારી વેબસાઇટ્સ સાથેના તમારા અનુભવને બહેતર અને તમને અનુરૂપ બનાવવા, તમને રસ હોય તેવી સામગ્રી પ્રદાન કરવા, માર્કેટિંગ આંતરદૃષ્ટિ ઘડવા અને અમારી વેબસાઇટ્સ, ઑનલાઇન સેવાઓ તથા સંબંધિત ટેક્નોલોજીઓને બહેતર બનાવવા માટે કરીએ છીએ.

તમારું બ્રાઉઝર અથવા ઉપકરણ આપમેળે મોકલે તે માહિતી પણ અમે એકત્રિત કરીએ છીએ, જેમ કે:

- તમારા બ્રાઉઝરનો પ્રકાર અને IP સરનામું,
- ઓપરેટિંગ સિસ્ટમ, ઉપકરણનો પ્રકાર અને સંસ્કરણની માહિતી,
- ભાષાના સેટિંગ્સ,
- ક્રેશ લૉગ્સ,
- IBMidની માહિતી (જો સાઇન ઇન હોય તો),
- અને પાસવર્ડ.

અમે આ માહિતીનો ઉપયોગ તમને અમારા વેબપેજીસની ઍક્સેસ પ્રદાન કરવા, તમારા ઉપકરણ અને બ્રાઉઝર પર વેબપેજ વ્યૂને બહેતર બનાવવા, તમારી સેટિંગ્સ અને ભાષા સાથે અનુકૂલન સાધવા અને તમારા દેશ માટે સુસંગતતા અથવા કોઈ પણ કાનૂની જરૂરિયાતો અનુસાર વિષયવસ્તુને અનુકૂળ કરવા માટે કરીએ છીએ. અમે આ માહિતીનો ઉપયોગ સિસ્ટમ અને નેટવર્ક સુરક્ષા જરૂરિયાતોનું પાલન કરવા અને સપોર્ટ આપવા માટે પણ કરીએ છીએ. વધુ માહિતી માટે જુઓ, સપોર્ટ સેવાઓ તથા તમારું અને IBMનું રક્ષણ કરવું.

અમે એવા પ્લેટફોર્મ અને ફોરમ પણ પ્રદાન કરીએ છીએ જેના થકી નોંધાયેલા સભ્યો વચ્ચે ઑનલાઇન શેરિંગ, સપોર્ટ અને સહયોગ શક્ય બને છે. તમે આ પ્લેટફોર્મ્સ પર સબમિટ કરો છો તે કોઈ પણ માહિતી પ્લેટફોર્મ ગોપનીયતા સૂચના અથવા શરતોમાં આવરી લેવાયા મુજબ ઇન્ટરનેટ પર અન્ય લોકો માટે ઉપલબ્ધ કરાવાય અથવા અમારા દ્વારા દૂર કરી દેવાય તેમ બની શકે છે. તમે અમારા ઉત્પાદનો અથવા સેવાઓના તમારા ઉપયોગ દ્વારા ઉપલબ્ધ કરાવો છો તે કોઈ પણ સામગ્રી માટે અમે જવાબદાર નથી.

IBM મોટા ભાષાના મૉડલ્સ (જે ઘણી વખત એલએલએમ કહેવાય છે) સહિતના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ મૉડલ્સ અને સિસ્ટમ્સ ઉપલબ્ધ કરાવે છે. IBM આવા AI મૉડલ અને સિસ્ટમ્સનો ઉપયોગ IBM.com પ્રોપર્ટીઝ પર અથવા તેમાં એમ્બેડેડ કરીને કરી શકે છે, જેમાં ચેટબોટ્સ મારફત થતા ઉપયોગનો પણ સમાવેશ થાય છે. IBM આવા AI મોડલ અને સિસ્ટમ્સને અલગ શરતો હેઠળ ઉપલબ્ધ કરાવી શકે છે.

અમે ટ્રેન્ડિંગ વિષયો અને સામાન્ય બજાર જ્ઞાનની આંતરદૃષ્ટિ મેળવવા માટે અમારી વેબસાઇટ્સના ઉપયોગ અંગેના અહેવાલો તૈયાર કરીએ છીએ. આ અહેવાલો તૃતીય પક્ષોને અમારી વેબસાઇટ્સ પર પ્રસ્તુત કરાયેલા તૃતીય-

પક્ષ ઉત્પાદનો અથવા સેવાઓ સાથે વપરાશકર્તાઓએ કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરી અથવા તેમાં રસ દર્શાવ્યો તેની વિગતો સાથે પ્રદાન કરી શકાય છે.

---

અમે તૃતીય-પક્ષ વેબસાઇટ્સ અથવા ઍપ્લિકેશન પર પ્રદાન કરેલી સામગ્રી અથવા તેમની ગોપનીયતા પ્રથાઓ માટે કોઈ જવાબદારી સ્વીકારતા નથી.

## IBM ઍપ્લિકેશન, ક્લાઉડ અને ઑનલાઇન સેવાઓ

અમારી ક્લાઉડ અને ઑનલાઇન સેવાઓમાં "સેવા તરીકે" અને ડેસ્કટોપ ઍપ્લિકેશન, મોબાઇલ ઍપ્લિકેશન (અથવા ઍપ્સ) અને IBM લર્નિંગ સેવાઓનો સમાવેશ થાય છે. અમે અમારી સેવાઓને બહેતર બનાવવા અને વિકસાવવા તેમજ ટેક્નિકલ અને બજાર અંગે આંતરદૃષ્ટિ કેળવવા માટે, તમે જુઓ છો તે પેજીસ અથવા તે પેજ પરની તમારી ક્રિયાપ્રતિક્રિયાઓ જેવી આ સેવાઓના ઉપયોગ વિશેની માહિતી એકત્રિત કરીએ છીએ. અમારી ક્લાઉડ અને ઑનલાઇન સેવાઓના ઉપયોગ માટે અમને IBMidની જરૂર પડી શકે છે (તમારું ખાતું જુઓ).

---

વધુ જાણો

અમે અમારી ક્લાઉડ અને ઑનલાઇન સેવાઓ પર જે માહિતી એકત્રિત કરીએ છીએ તેમાં સમાવિષ્ટ હોઈ શકે છે:

- તમે જુઓ છો તે પેજીસ,
- સેવા અંતર્ગત તમે કરેલા સેટિંગ્સ,
- તમારા બ્રાઉઝરનો પ્રકાર અને IP સરનામું,
- ઓપરેટિંગ સિસ્ટમ, ઉપકરણનો પ્રકાર અને સંસ્કરણની માહિતી,
- ક્રેશ લૉગ્સ,
- IBMidની માહિતી (જો સાઇન ઇન હોય તો),
- અને પાસવર્ડ.

આ માહિતી તમને ઍક્સેસ પ્રદાન કરવા, સેવાનું સંચાલન કરવા, સપોર્ટ માટે, સેવાના તમારા અનુભવને તમને અનુરૂપ બનાવવા અને બહેતર કરવા માટે, અન્ય સેવાઓ અને ટેક્નોલોજીઓ વિકસાવવા તથા ટેક્નિકલ અને બજાર

અંગે આંતરદૃષ્ટિ કેળવવા માટે એકત્રિત કરવામાં આવે છે. અમે જે ટેક્નોલોજીઓનો ઉપયોગ વેબસાઇટની માહિતી એકત્રિત કરવા અને તમારી પસંદગીઓ સેટ કરવા માટે કરીએ છીએ તેના વિશે વધુ માહિતી માટે કૂકીઝ અને સમાન ટેક્નોલોજીઓ જુઓ.

સાર્વજનિક ક્લાઉડ પ્રદાતા તરીકે, IBM સ્પષ્ટ સંમતિ વિના માર્કેટિંગ અને જાહેરાતના હેતુઓ માટે કરાર હેઠળ પ્રક્રિયા કરાયેલી વ્યક્તિગત માહિતીનો ઉપયોગ કરતું નથી.

મોબાઇલ ઍપ્લિકેશન ગોપનીયતા સૂચનાઓ ઍપ દ્વારા એકત્રિત કરવામાં આવેલી ભૌગોલિક સ્થાનની માહિતી અથવા ઉપકરણના અનન્ય વપરાશકર્તા-આઇડી જેવી માહિતી વિશે વિગતો પ્રદાન કરી શકે છે. અનન્ય વપરાશકર્તા-આઇડીનો ઉપયોગ સર્વર સાથે જોડાવા અને વિવિધ ઍપમાં ઉપકરણના ઉપયોગને જોડવા માટે થાય છે. ઍપના કાર્યોના આધારે, તમે સેટિંગ્સ મેનૂનો ઉપયોગ કરીને અથવા તમારી વપરાશકર્તા પ્રોફાઇલમાં તમારા ગોપનીયતા સેટિંગ્સ તમને અનુરૂપ બનાવી શકો છો.

IBM લર્નિંગ શિક્ષણ સેવાઓ પ્રદાન કરે છે અને જ્યારે જરૂર પડે ત્યારે તમને ઓળખપત્રો, પ્રમાણપત્રો અથવા વધુ માહિતી પ્રદાન કરી શકે તે માટે અભ્યાસક્રમ પૂર્ણ થવા અંગે માહિતી એકત્રિત કરે છે.

અમે તૃતીય-પક્ષ વેબસાઇટ્સ અથવા ઍપ્લિકેશન પર પ્રદાન કરેલી સામગ્રી અથવા તેમની ગોપનીયતા પ્રથાઓ માટે કોઈ જવાબદારી સ્વીકારતા નથી.



## માર્કેટિંગ

તમારી પસંદગીઓને આધીન, અમે જે માહિતી એકત્રિત કરીએ છીએ તેનો ઉપયોગ અમે સંબંધિત ઉત્પાદનો, સેવાઓ અને ઑફરિંગ વિશે તમારી સાથે વાતચીત કરવા માટે કરીએ છીએ. અમે આ માહિતીનો ઉપયોગ અમારી સામગ્રી અને જાહેરાતો બાબતે તમને અનુરૂપ ઑનલાઇન અનુભવ પ્રદાન કરવા તેમજ આંતરિક માર્કેટિંગ અને વ્યવસાયિક ઇન્ટેલિજન્સ વિકસાવવા માટે પણ કરીએ છીએ. ઇમેઇલ, ફોન અથવા પોસ્ટ દ્વારા માર્કેટિંગ સંચારના સંદર્ભમાં તમારી પસંદગીઓને સેટ અથવા અપડેટ કરવા માટે, IBM ગોપનીયતા પસંદગી કેન્દ્રની મુલાકાત લો. તમે પસંદગી દૂર કરવાની વિનંતી પણ સબમિટ કરી શકો અથવા દરેક માર્કેટિંગ ઇમેઇલમાં નીચે આપેલા અનસબ્સ્ક્રાઇબ કરોને પસંદ કરી શકો.

અમે અમારી વેબસાઇટ્સ પર તમારા વિશે ઑનલાઇન એકત્રિત કરીએ છીએ તે માહિતી સંબંધિત તમારી પસંદગીઓની સમીક્ષા કરવા અથવા સેટ કરવા માટે, વેબસાઇટ ફૂટરમાં કૂકી પસંદગીઓ પસંદ કરો.

---

વધુ જાણો

અમે માર્કેટિંગના હેતુઓ માટે એકત્રિત કરીએ છીએ તે માહિતીનો ઉપયોગ કરીએ છીએ. આમાં એવી માહિતી સમાવિષ્ટ હોઇ શકે જે:

- IBM સાથેની તમારી ક્રિયાપ્રતિક્રિયાઓ દ્વારા સીધી તમારી પાસેથી એકત્રિત કરવામાં આવે છે, જેમ કે ઇવેન્ટ્સમાં હાજરી અથવા ઑનલાઇન નોંધણી ફોર્મ સબમિશન,
- તૃતીય-પક્ષ ડેટા પ્રદાતાઓ પાસેથી પ્રાપ્ત, એ બાબતની પુષ્ટિ કરતા નિયંત્રણોને આધિન કે ત્રાહિત પક્ષે કાનૂની રીતે માહિતી પ્રાપ્ત કરી છે અને અમારા માર્કેટિંગ સંદેશાવ્યવહારમાં ઉપયોગ માટે IBMને માહિતી પૂરી પાડવાનો અધિકાર ધરાવે છે,
- અમારી વેબસાઇટ્સ અથવા તૃતીય-પક્ષ સાઇટ્સ પરની સામગ્રી સહિત, IBMના ઇમેઇલ્સ અને સામગ્રી સાથેની તમારી ક્રિયાપ્રતિક્રિયાઓમાંથી એકત્ર કરવામાં આવે છે. આ માહિતી એકત્રિત કરવા માટે અમે જે ટેક્નોલોજીઓનો ઉપયોગ કરીએ છીએ તેના વિશે વધુ માહિતી માટે કૂકીઝ અને સમાન ટેક્નોલોજીઓ જુઓ.

તમારી પસંદગીઓને આધીન, અમે આ માહિતીનો ઉપયોગ તમને IBM ઉત્પાદનો, સેવાઓ અને ઑફરિંગ સંબંધિત માર્કેટિંગ કરવા માટે કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, અમે:

- ઇમેલ, ટેલિફોન અથવા પોસ્ટલ મેલનો ઉપયોગ કરીને તમારો સંપર્ક કરી શકીએ
- IBM ઉત્પાદનો અને સેવાઓ સાથેના તમારા અનુભવને તમને અનુરૂપ બનાવી શકીએ, જેમ કે વધુ સંબંધિત સામગ્રી શેર કરવી અથવા અમારી વેબસાઇટ્સ પર નોંધણી ફોર્મની વિગતો ફરી આપવી.
- IBM વેબસાઇટ્સ, અમારી સામગ્રી, ઇમેલ્સ અથવા પસંદગીના ભૌગોલિક વિસ્તારોમાં, તમારા હેશ કરેલા ઇમેલ સરનામાં સાથે લિંક કરેલી પ્રવૃત્તિ સાથેની તમારી ક્રિયાપ્રતિક્રિયાઓ વિશે અમારા અથવા અધિકૃત તૃતીય પક્ષો દ્વારા એકત્રિત કરાતી માહિતીના આધારે તૃતીય-પક્ષ વેબસાઇટ્સ પર લક્ષ્ય અનુસારની IBMની જાહેરાતો વિતરિત કરવી.

તમારા ઇમેલ સરનામા, ફોન અથવા પોસ્ટલ સરનામાનો ઉપયોગ કરીને માર્કેટિંગ પ્રવૃત્તિઓના સંદર્ભમાં તમારી પસંદગીઓ સેટ કરવા અથવા અપડેટ કરવા માટે, IBM ગોપનીયતા પસંદગી કેન્દ્રની મુલાકાત લો. તમે પસંદગી દૂર કરવાની વિનંતી પણ સબમિટ કરી શકો અથવા દરેક માર્કેટિંગ ઇમેઇલમાં આપેલ અનસબ્સ્ક્રાઇબ કરોને પસંદ કરી શકો.

તમને અનુરૂપ બનાવેલા અથવા લક્ષ્ય અનુસારની જાહેરાતો માટે તમારા હેશ કરેલ ઇમેલના ઉપયોગને નાપસંદ કરવા માટે, તમે આમાંથી કોઈ પણ વિકલ્પોનો ઉપયોગ કરીને તમારી ઇમેલ સંમતિ પાછી ખેંચી શકો છો.

અમે અમારી વેબસાઇટ્સ પર તમારા વિશે ઑનલાઇન એકત્રિત કરીએ છીએ તે માહિતી સંબંધિત તમારી પસંદગીઓની સમીક્ષા કરવા અથવા સેટ કરવા માટે, વેબસાઇટ ફૂટરમાં કૂકી પસંદગીઓ પસંદ કરો.

અમે અમારા બિઝનેસ ઓપરેશન્સ માટે જરૂરી માર્કેટિંગ અને વ્યવસાયિક ઇન્ટેલિજન્સ વિકસાવવા માટે પણ આ માહિતીનો ઉપયોગ કરીએ છીએ. ઉદાહરણ તરીકે, અમે:

- તમારી રુચિઓ અને સંભવિત વ્યવસાય જરૂરિયાતોને વધુ સારી રીતે સમજવા માટે અમે જે માહિતી એકત્રિત કરીએ છીએ તેને સાથે જોડી શકીએ,
- અમારી માર્કેટિંગ ઝુંબેશો અને ઇવેન્ટ્સની અસરકારકતાને માપવા અને માહિતી સાથેના વ્યવસાયિક નિર્ણયો તથા રોકાણો બાબતે આગળ વધવા માટે એકીકૃત ડેટાનો ઉપયોગ કરી શકીએ,
- માર્કેટિંગ પ્રેક્ષકોના વિકાસ અને મોડેલિંગના હેતુઓ માટે IBM વેબસાઇટના મુલાકાતીઓ વિશે એકત્રિત કરવામાં આવેલી માહિતીને એક સાથે એકત્ર કરી શકીએ.

## કરાર સંબંધી સંબંધો


જ્યારે તમે અમારી પાસેથી ટ્રાયલ અથવા ઉત્પાદન કે સેવાનો ઓર્ડર આપો છો ત્યારે કરાર સંબંધી સંબંધ બને છે. અમે મુખ્યત્વે વ્યવસાયોને અમારા ઉત્પાદનો અને સેવાઓ પ્રદાન કરતા હોવા છતાં, વ્યક્તિઓ પણ ગ્રાહક તરીકે અમારી સાથે સીધો કરાર કરી શકે છે. અમે એવી કોઈ પણ માહિતી એકત્રિત કરી શકીએ છીએ જે કરાર આધારિત સમજૂતી માટે તૈયારી કરવા, તેમાં દાખલ થવા અને તેને પરિપૂર્ણ કરવા માટે વ્યાજબી રીતે જરૂરી હોય.

વધુ જાણો

કરાર આધારિત સંબંધમાં એકત્રિત કરવામાં આવેલી માહિતીમાં વિનંતી કરનારની વ્યવસાયિક સંપર્ક માહિતી, IBMid અને ઓર્ડરની વિગતોનો સમાવેશ થઇ શકે છે. સેવાઓના અમલીકરણ, અથવા ઉત્પાદન કે સેવાને ઍક્સેસ આપવા શિપમેન્ટ અને ચુકવણી માટે જરૂરી હોય તેવી માહિતી પણ એકત્રિત કરી શકાય છે.

આ માહિતી ઉત્પાદનો અથવા સેવાઓની પ્રકૃતિના આધારે વિવિધ હેતુઓ માટે એકત્રિત કરવામાં આવી શકે છે, ઉદાહરણ તરીકે, કરારના સંચાલન અને પાલન માટે, સપોર્ટ પ્રદાન કરવા, અમારા ઉત્પાદનો અને સેવાઓની સુધારણા અથવા વિકાસ માટે, ગ્રાહક સંતોષ સર્વેક્ષણ માટે તમારો સંપર્ક કરવા તેમજ ટેક્નિકલ અને બજારની આંતરદૃષ્ટિ કેળવવા માટે. વધુ માહિતી માટે, IBM ઍપ્લિકેશન, ક્લાઉડ અને ઑનલાઇન સેવાઓ જુઓ.

કરાર આધારિત સંબંધમાં એકત્રિત કરવામાં આવેલી માહિતીનો ઉપયોગ પ્રક્રિયા પહેલા સંમતિ મેળવ્યા વિના માર્કેટિંગ અને જાહેરાતના હેતુઓ માટે કરવામાં આવતો નથી.



## સપોર્ટ સેવાઓ

જ્યારે તમે સપોર્ટની વિનંતી કરવા માટે અમારો સંપર્ક કરો છો, ત્યારે અમે તમારી સંપર્ક માહિતી, સમસ્યાનું વર્ણન અને સંભવિત ઉકેલો એકત્રિત કરીએ છીએ. અમે સપોર્ટ ક્વેરી હેન્ડલ કરવા માટે, વહીવટી હેતુઓ માટે, તમારી સાથેના અમારા સંબંધોને જાળવવા માટે, સ્ટાફની તાલીમ માટે અને ગુણવત્તા ખાતરીના હેતુઓ માટે પ્રદાન કરવામાં આવતી માહિતી રેકોર્ડ કરીએ છીએ છે.

વધુ જાણો

જ્યારે તમે LiveChat સહિત સપોર્ટની વિનંતી કરવા માટે અમારો સંપર્ક કરો, ત્યારે અમે તમારી સંપર્ક માહિતી, સમસ્યાનું વર્ણન અને સંભવિત ઉકેલો એકત્રિત કરીએ છીએ. આમાં અમારી સાથેની તમારી વાતચીતનું રેકોર્ડિંગ અથવા ટ્રાન્સક્રિપ્ટનો સમાવેશ થઇ શકે. અમે આ માહિતીનો ઉપયોગ તમારી સપોર્ટ વિનંતી સંબંધિત ઉત્પાદનો અથવા સેવાઓ વિશે તમને જાણ કરવા માટે કરી શકીએ છીએ. આમાં ઉત્પાદન અપડેટ્સ અથવા સુધારાઓ શામેલ હોઈ શકે છે, અને અમે તમારી અથવા તમારી સંસ્થા સાથેની અન્ય ક્રિયાપ્રતિક્રિયાઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતીને ઉત્પાદન સપોર્ટના સંબંધમાં વધુ મૂલ્યવાન સૂચનો પ્રદાન કરવા માટે સાથે જોડી શકીએ છીએ, જેમ કે સમસ્યા સંબંધિત કોઇ પણ ઉપલબ્ધ તાલીમ.

જ્યારે અમે સપોર્ટ કેસને હેન્ડલ કરીએ છીએ, ત્યારે અમારી પાસે તમે પ્રદાન કરેલી માહિતી અથવા તમારી સિસ્ટમ પરની માહિતીની આકસ્મિક ઍક્સેસ હોઈ શકે છે. આ માહિતીમાં તમારા, તમારી સંસ્થાના કર્મચારીઓ, ગ્રાહકો અથવા અન્ય સંબંધિત પક્ષો વિશેની માહિતીનો સમાવેશ થઈ શકે છે. આ માહિતીના સંચાલન અને પ્રક્રિયાને લગતી શરતો લાગુ થતી ઉપયોગની શરતો અથવા તમારી સંસ્થા અને IBM વચ્ચેના અન્ય કરારો દ્વારા આવરી લેવામાં આવી છે, જેમ કે ડાયગ્નોસ્ટિક ડેટાની આપલે કરવા માટેની ઉપયોગની શરતો.



## તમારું અને IBMનું રક્ષણ

તમને અને IBMને IT સુરક્ષાના જોખમોથી બચાવવા અને અનધિકૃત ઍક્સેસ, જાહેરાત, ફેરફાર અથવા વિનાશથી અમારી પાસે રહેલી માહિતીને સુરક્ષિત રાખવા માટે અમે માહિતી એકત્રિત કરી અને તેનો

ઉપયોગ કરી શકીએ છીએ. આમાં અમારી IT ઍક્સેસ ઓથોરાઇઝેશન સિસ્ટમની માહિતીનો સમાવેશ થાય છે, જેમ કે લૉગ-ઇન માહિતી.

વધુ જાણો

અમે તમારી માહિતી, અમારા ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને અમારા નેટવર્કને સુરક્ષિત રાખવા માટે જે સુરક્ષા ઉકેલોનો ઉપયોગ કરીએ છીએ તે IP સરનામાં અને લૉગ ફાઇલો જેવી માહિતી એકત્રિત કરી શકે છે. સુરક્ષા કાર્યક્રમોની કાર્યક્ષમતા અને ઉપયોગિતા માટે કોઈ પણ સંભવિત સુરક્ષા ઘટનાઓની તપાસને કરી શકવા કરવા અને સુરક્ષા જોખમો અંગે આંતરદૃષ્ટિ કેળવવા માટે આ જરૂરી છે.

અનધિકૃત ઍક્સેસ, વાયરસ અને દૂષિત પ્રવૃત્તિઓની ભાળ મેળવવા માટે અમે IT સિસ્ટમ્સ અને નેટવર્ક્સમાં ઍક્સેસ પોઇન્ટ્સ પર માહિતી એકત્રિત કરવા માટે વિશિષ્ટ ટૂલિંગ અને અન્ય તકનીકી માધ્યમોનો ઉપયોગ કરી શકીએ છીએ. અમે જે માહિતી એકત્રિત કરીએ છીએ તેનો ઉપયોગ જ્યારે અનધિકૃત ઍક્સેસ, માલવેર અથવા દૂષિત પ્રવૃત્તિઓની શંકા હોય ત્યારે તપાસ કરવા અને દૂષિત કોડ અથવા સામગ્રીને દૂર કરવા કે અલગ કરવા માટે થઇ શકે છે.



## IBM સ્થાનો

રે તમે IBM સ્થાનની મુલાકાત લો છો, ત્યારે અમે તમારું નામ અથવા વ્યવસાયિક સંપર્ક માહિતી (તમારું ખાતું જુઓ), અને, કેટલાક કિસ્સાઓમાં, સરકાર દ્વારા અપાયેલા IDમાંથી માહિતી એકત્રિત કરીએ છીએ.

આ માહિતી ઍક્સેસ મેનેજમેન્ટ માટે અને અમારા સ્થાનો અને કર્મચારીઓની સુરક્ષા અને સલામતી માટે એકત્રિત કરવામાં આવે છે.

વધુ જાણો

અમારા સ્થાનો પર એકત્રિત કરવામાં આવેલી માહિતીનો ઉપયોગ ઍક્સેસ બેજ આપવા માટે થાય છે. જ્યાં કાયદેસર રીતે અનુમતિ હોય ત્યાં અમે મુલાકાતીઓની ઓળખની ચકાસણી કરીએ તેમ બની શકે તેમજ સાઇટ પર કામ કરતા સપ્લાયર કર્મચારીઓ માટે, ઓળખના હેતુઓ માટે ફોટો ઓળખ સાથેના બૅજની વિનંતી કરવામાં આવી શકે છે.

કેમેરા દેખરેખ અને ઍક્સેસ મેનેજમેન્ટનો ઉપયોગ અમારા સ્થાનો, કર્મચારીઓ અને સંપત્તિઓની સુરક્ષા તથા સલામતીના કારણોસર થાય છે. વધુ માહિતી IBM સ્થાન પર ઉપલબ્ધ હોઈ શકે છે.

## ભરતી અને ભૂતપૂર્વ કર્મચારીઓ

અમે અમારી સંસ્થા માટે સતત નવી પ્રતિભા શોધી રહ્યા છીએ, અને અમે ઘણા સ્રોતોમાંથી નોકરીના અરજદારો અથવા સંભવિત ઉમેદવારો વિશેની માહિતી એકત્રિત કરીએ છીએ. વધારે માહિતી માટે Talent Acquisition Privacy Notice પર અરજદારોનો સંદર્ભ આપવામાં આવે છે. જ્યારે કોઈ કર્મચારી IBM છોડે છે, ત્યારે અમે IBM દ્વારા નિયંત્રિત હદ સુધી પેન્શનના સંચાલન સહિત કોઈ પણ બાકીના

વ્યવસાયિક, કરાર સંબંધિત, રોજગારના, કાનૂની અને નાણાકીય હેતુઓ માટે તેમની સાથે સંબંધિત માહિતી પર પ્રક્રિયા કરવાનું ચાલુ રાખીએ છીએ.

વધુ જાણો

ભરતી અંગે, અમે ભરતી મધ્યસ્થીઓની મદદથી સંભવિત ઉમેદવારોને શોધી શકીએ છીએ અને ચોક્કસ કાર્ય માટે સંભવિત ઉમેદવારોને ઓળખવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેરમાં ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરી શકીએ છીએ.

જ્યારે કોઈ કર્મચારી IBM છોડે છે, ત્યારે અમે ભૂતપૂર્વ કર્મચારી પાસેથી તેમના IBM ખાતેના રોજગાર વિશેની મૂળભૂત માહિતી જાળવી રાખીએ છીએ.

કર્મચારી નિવૃત્ત થયા પછી, અમે નિવૃત્ત વ્યક્તિ પ્રત્યેની પેન્શનની જવાબદારીઓને પરિપૂર્ણ કરવા માટે નિવૃત્ત વ્યક્તિ વિશેની માહિતી પર પ્રક્રિયા કરીએ છીએ. પેન્શન માહિતીની પ્રક્રિયા વિશેની માહિતી, અથવા અન્ય નિવૃત્તિ કાર્યક્રમો, પેન્શન માટે જવાબદાર સ્થાનિક સંસ્થા પાસેથી મળી શકે છે. કેટલાક દેશોમાં, આ એક સ્વતંત્ર સંસ્થા હોઈ શકે છે. કેટલાક કિસ્સાઓમાં, નિવૃત્ત લોકો હજુ પણ IBM-આયોજિત પહેલ અથવા કાર્યક્રમોમાં ભાગ લઈ શકે છે, જેમ કે સ્વયંસેવક અને સામાજિક જવાબદારીના કાર્યક્રમો. આવી સહભાગિતા સ્વૈચ્છિક છે, અને આવી પહેલ માટેની સંબંધિત વેબસાઇટ્સ અથવા માહિતી પેજીસ પર વધુ માહિતી પ્રદાન કરવામાં આવે છે.

## અમારા બિઝનેસ ઓપરેશન્સનું સંચાલન

અમે અમારા બિઝનેસ ઓપરેશન્સ, સિસ્ટમ્સ અને પ્રક્રિયાઓને બહેતર બનાવવા માટે માહિતી એકત્રિત કરીએ છીએ અને તેનો ઉપયોગ કરીએ છીએ. ઉદાહરણ તરીકે, માહિતીનો ઉપયોગ અમારી કામગીરી

કરવા, જાળવણી કરવા, ઑડિટ કરવા અને ઑપ્ટિમાઇઝ કરવા, અમારી અસ્કયામતો અને કર્મચારીઓને સુરક્ષિત રાખવા, ઉત્પાદન વિકાસ માટે તેમજ અમારા અધિકારોનું રક્ષણ કરવા માટે થઈ શકે છે.

વધુ જાણો

અમે સંસ્થા અને વ્યવસાય વિશે માહિતગાર નિર્ણયો લેવા તેમજ કામગીરી, ઑડિટ અને વલણોની જાણ કરવા માટે અમારી વ્યવસાયિક કામગીરી વિશેની માહિતી એકત્રિત કરીએ છીએ. ઉદાહરણ તરીકે, અમે આ માહિતીનો ઉપયોગ અમારી કામગીરીના ખર્ચ અને ગુણવત્તાનું વિશ્લેષણ કરવા માટે કરીએ છીએ. જ્યાં શક્ય હોય ત્યાં, આ એકીકૃત માહિતીનો ઉપયોગ કરીને કરવામાં આવે છે, પરંતુ વ્યક્તિગત માહિતીનો પણ ઉપયોગ થઈ શકે છે.

અમે નીચેની બાબતો માટે અમારી બિઝનેસ સિસ્ટમ્સમાંથી માહિતી એકત્રિત કરીએ છીએ અને તેનો ઉપયોગ કરીએ છીએ, જેમાં વ્યક્તિગત માહિતીનો સમાવેશ થઈ શકે છે:

- છેતરપિંડી અથવા અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ શોધવા સહિત અમારા અધિકારોનું રક્ષણ અથવા અમલ કરવા (ઉદાહરણ તરીકે, ચુકવણી સિસ્ટમમાં રહેલી માહિતીનો ઉપયોગ કરીને)
- વિવાદોને હાથ ધરવા અને તેમનું નિરાકરણ કરવા
- કાનૂની કાર્યવાહીમાં ફરિયાદોનો જવાબ આપવા અને IBMનો બચાવ કરવા
- તેમજ અમે જ્યાં વેપાર કરીએ છીએ તે દેશોમાં કાનૂની જવાબદારીઓનું પાલન કરવા

અમે અમારી વ્યવસાય પ્રક્રિયાઓ, વેબસાઇટ્સ, ક્લાઉડ અને ઑનલાઇન સેવાઓ, ઉત્પાદનો અથવા ટેક્નોલોજીઓના ઉપયોગ થકી માહિતી એકત્રિત કરીએ છીએ. આ માહિતીમાં વ્યક્તિગત માહિતી શામેલ હોઈ શકે છે અને તેનો ઉપયોગ ઉત્પાદન અને પ્રક્રિયાના વિકાસ માટે થાય છે. ઉદાહરણ તરીકે, અમે આ માહિતીનો ઉપયોગ કાર્યક્ષમતા વધારવા, ખર્ચ ઘટાડવા અથવા સ્વચાલિત પ્રક્રિયાઓ અને ટૂલ્સ વિકસાવીને સેવાઓને સુધારવા માટે અથવા તે ટેક્નોલોજી વિકસાવવા અથવા સુધારવા માટે કરી શકીએ છીએ જેના પર આ આધારિત છે.

## કૂકીઝ અને સમાન ટેક્નોલોજીઓ

જ્યારે તમે અમારી વેબસાઇટ્સ, ક્લાઉડ અને ઑનલાઇન સેવાઓ, સોફ્ટવેર પ્રોડક્ટ્સની મુલાકાત લો છો અથવા અમુક તૃતીય-પક્ષ વેબસાઇટ પર અમારી સામગ્રી જુઓ છો, ત્યારે અમે વિવિધ ઑનલાઇન ટ્રેકિંગ ટેક્નોલોજી, જેમ કે કૂકીઝ, વેબ બીકન્સ, લોકલ સ્ટોરેજ અથવા HTML5નો ઉપયોગ કરીને તમારા કનેક્શન અને તમારી પ્રવૃત્તિ સંબંધિત માહિતી એકત્રિત કરીએ છીએ. આ ટેક્નોલોજીઓ વડે એકત્રિત કરવામાં આવેલી માહિતી વેબસાઇટ અથવા સેવાને ચલાવવા માટે, કાર્યક્ષમતામાં સુધારો કરવા, અમારી ઑનલાઇન સેવાઓનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે તે સમજવામાં અમારી મદદ કરવા અથવા અમારા વપરાશકર્તાઓની રુચિઓ નક્કી કરવા માટે જરૂરી હોઈ શકે છે. અમે IBM અને અન્ય સાઇટ્સ પર આવી ટેક્નોલોજીનો ઉપયોગ પ્રદાન કરવા અને મદદ કરવા માટે જાહેરાત ભાગીદારોનો ઉપયોગ કરીએ છીએ.

વધુ જાણો

કૂકી એ ડેટાનો એક ભાગ છે જે વેબસાઇટ તમારા બ્રાઉઝરને મોકલી શકે છે, જે તમારા કમ્પ્યુટર પર સંગ્રહિત થઈ શકે છે અને તેનો ઉપયોગ તમારા કમ્પ્યુટરને ઓળખવા માટે થઈ શકે છે. વેબ બીકન્સ, જેમાં પિક્સેલ્સ અને ટૅગ્સનો સમાવેશ થાય છે, તે એવી ટેક્નોલોજીઓ છે જેનો ઉપયોગ IBM વેબ પેજની મુલાકાત લેતા વપરાશકર્તાને ટ્રૅક કરવા માટે અથવા જો વેબ પેજને બીજી વેબસાઇટ પર કૉપિ કરવામાં આવ્યું હોય તો તે માટે કરવામાં આવે છે. સ્થાનિક શેર કરેલ ઑબ્જેક્ટ્સ મુલાકાત લીધેલ વેબપેજ પર પ્રદર્શિત સામગ્રીને લગતી માહિતી અને પસંદગીઓને સંગ્રહિત કરી શકે છે. આ તમામ ટેક્નોલોજીઓનો ઉપયોગ અમારી બધી વેબસાઇટ્સ પર કનેક્ટેડ સુવિધાઓ પ્રદાન કરવા અથવા તમારી રુચિઓના આધારે અન્ય વેબસાઇટ્સ પર લક્ષ્ય અનુસારની IBM જાહેરાતો (તમારી કૂકી પસંદગીઓને આધીન) પ્રદર્શિત કરવા માટે થઈ શકે છે. વેબ બીકન્સનો ઉપયોગ ઇમેઇલ સંદેશાઓ અથવા ન્યૂઝલેટર્સ સાથેની તમારી ક્રિયાપ્રતિક્રિયાને ટ્રૅક કરવા માટે પણ થઈ શકે છે, જેમ કે સંદેશાઓ ખોલવામાં આવ્યા છે કે લિંક્સ પસંદ કરવામાં આવી છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે.

સત્ર કૂકીઝનો ઉપયોગ એક પેજથી બીજા પેજ પર તમારી પ્રગતિને ટ્રૅક કરવા માટે થઇ શકે છે જેથી કરીને વર્તમાન સત્ર દરમિયાન તમે પહેલેથી જ પ્રદાન કરેલી માહિતી અથવા વ્યવહાર પૂર્ણ કરવા માટે જરૂરી હોય તેવી માહિતી માટે તમને પૂછવામાં ન આવે. જ્યારે વેબ બ્રાઉઝર બંધ હોય ત્યારે સત્ર કૂકીઝ ભૂંસી નાખવામાં આવે છે.

IBM દ્વારા ઇશ્યૂ કરાયેલી સતત કૂકીઝની સમયસીમા દર 14 મહિને સમાપ્ત થાય છે. IBM તેની વેબસાઇટ્સ પર વિક્રેતાઓ દ્વારા ઇશ્યૂ કરાયેલી કૂકીઝને મંજૂરી આપે છે. વિક્રેતાઓ દ્વારા ઇશ્યૂ કરાયેલી કૂકીઝ માટે, સતત કૂકીની રીટેન્શન અવધિઓ વિક્રેતાની ગોપનીયતા નીતિ દ્વારા આવરી લેવામાં આવે છે.

તમે IBM કૂકી મેનેજરનો ઉપયોગ અમે ઉપયોગ કરીએ છીએ તે ઑનલાઇન ટ્રૅકિંગ ટેક્નોલોજીઓ વિશે વધુ જાણવા માટે અને અમે અમારી વેબસાઇટ્સ પર તમારા વિશે જે માહિતી એકત્રિત કરીએ છીએ તેના સંબંધમાં તમારી પસંદગીઓની સમીક્ષા કરવા અથવા સેટ કરવા માટે કરી શકો છો. IBM કૂકી મેનેજર જ્યારે તમે પહેલીવાર વેબપેજની મુલાકાત લો છો ત્યારે સૂચના વિન્ડો તરીકે રજૂ કરવામાં આવે છે અથવા વેબસાઇટ ફૂટરમાં કૂકી પસંદગીઓ પસંદ કરાય ત્યારે ખુલે છે. IBM કૂકી મેનેજર તમામ પ્રકારની ટ્રૅકિંગ ટેક્નોલોજીઓનો સમાવેશ કરતું નથી (ઉદાહરણ તરીકે, ઇમેઇલ પિક્સેલ્સ). મોબાઇલ ઍપ્લિકેશનનો ઉપયોગ કરતી વખતે, સેટિંગ્સનું સંચાલન કરવા માટે તમારા મોબાઇલ ઉપકરણ પરના વિકલ્પોનો ઉપયોગ કરો.

IBM કૂકીઝને અવરોધિત કરવા, અક્ષમ કરવા અથવા નકારવાથી સેવાઓ યોગ્ય રીતે કાર્ય કરી શકતી નથી, જેમ કે શોપિંગ કાર્ટના સંબંધમાં, અથવા તમારે સાઇન ઇન કરવું જરૂરી હોય તેવી વેબસાઇટ્સ અથવા IBM Cloud સેવાઓનો ઉપયોગ અવરોધિત કરવો. કૂકીઝને અક્ષમ કરવાથી અન્ય ઑનલાઇન ટ્રૅકિંગ ટેક્નોલોજીઓ અક્ષમ થતી નથી, પરંતુ અન્ય ટેક્નોલોજીઓને કૂકીઝમાં સંગ્રહિત કોઈપણ વિગતોને ઍક્સેસ કરવાથી અટકાવે છે.

અમારી વેબસાઇટ્સ તૃતીય-પક્ષ સોશિયલ મીડિયા વિકલ્પોનો ઉપયોગ કરવાની શક્યતા પ્રદાન કરે છે. જો તમે આ વિકલ્પોનો ઉપયોગ કરવાનું પસંદ કરો છો, તો આ તૃતીય-પક્ષ સાઇટ્સ તમારા વિશેની માહિતીને લૉગ કરી શકે છે, જેમ કે તમારું IP સરનામું, ઍક્સેસનો સમય અને સંદર્ભ આપતી વેબસાઇટના URL. જો તમે તે સોશિયલ મીડિયા સાઇટ્સ પર લૉગ ઇન કરેલું હોય, તો તેઓ એકત્રિત કરેલી માહિતીને તમારી પ્રોફાઇલ માહિતી સાથે પણ લિંક કરી શકે છે. અમે આ તૃતીય-પક્ષ સેવાઓની ગોપનીયતા પ્રથાઓ માટે કોઈ જવાબદારી સ્વીકારતા નથી અને તમને વધુ માહિતી માટે તેમની ગોપનીયતા નીતિઓની સમીક્ષા કરવા પ્રોત્સાહિત કરીએ છીએ.

ને બ્રાઉઝર સેટિંગ્સનો ઉપયોગ કરીને આ ટેક્નોલોજીઓને કેવી રીતે
વિશેની માહિતી માટે, જુઓ
www.allaboutcookies.org/.

**બાળકો**

જ્યાં સુધી અન્યથા સૂચવવામાં ન આવે ત્યાં સુધી, અમારી વેબસાઇટ્સ, ઉત્પાદનો અને સેવાઓ તેમના અધિકારક્ષેત્રમાં કાયદા દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબ બાળકો અથવા સગીરો દ્વારા ઉપયોગ માટે બનાવાયેલા નથી.

---

# અંગત માહિતી શેર કરવી

અમે તમારી અંગત માહિતીને આંતરિક અને બાહ્ય રીતે IBMના કાયદેસરના વ્યવસાયિક હેતુઓ માટે અને માત્ર જાણવાની જરૂરિયાતના આધારે સપ્લાયર્સ, સલાહકારો અથવા બિઝનેસ પાર્ટનર્સ સાથે શેર કરી શકીએ છીએ. આ વિભાગ વર્ણવે છે કે અમે કેવી રીતે માહિતી શેર કરીએ છીએ અને અમે તે શેરિંગને કેવી રીતે સુગમ બનાવીએ છીએ.

# અમે વ્યક્તિગત માહિતી કેવી રીતે શેર કરીએ છીએ

વ્યક્તિગત માહિતી શેર કરતી વખતે, અમે લાગુ કાયદા અનુસાર માહિતી શેર કરી શકાય છે તેની પુષ્ટિ કરવા માટે અમે યોગ્ય તપાસ અને નિયંત્રણો લાગુ કરીએ છીએ.

જો અમે કેટલાક દેશોમાં વ્યવસાયોને વેચવા, ખરીદવા, મર્જ કરવા અથવા અન્યથા પુનઃસંગઠિત કરવાનું નક્કી કરીએ, તો આવા વ્યવહારમાં સંભવિત અથવા વાસ્તવિક વ્યવસાય ખરીદદારોને કેટલીક વ્યક્તિગત માહિતી જાહેર કરવી અથવા આવા વ્યવસાયો વેચનારાઓની વ્યક્તિગત માહિતી એકત્ર કરવાનો સમાવેશ થઈ શકે.

વધુ જાણો

આંતરિક રીતે, વ્યક્તિગત માહિતી અમારા વ્યવસાયિક હેતુઓ માટે શેર કરવામાં આવે છે: કાર્યક્ષમતા સુધારવા માટે, ખર્ચ બચત માટે અને અમારી પેટાકંપનીઓ (જેમ કે Red Hat) વચ્ચે આંતરિક સહયોગ માટે. ઉદાહરણ તરીકે, અમે વ્યક્તિગત માહિતી તમારી અને અન્ય બાહ્ય પક્ષો સાથેના અમારા સંબંધોના સંચાલન, અનુપાલન કાર્યક્રમો અથવા સિસ્ટમ અને નેટવર્ક સુરક્ષા માટે શેર કરી શકીએ છીએ.

વ્યક્તિગત માહિતીની અમારી આંતરિક ઍક્સેસ પ્રતિબંધિત છે અને ફક્ત જાણવાની જરૂરિયાતના આધારે આપવામાં આવે છે. આ માહિતીની વહેંચણી યોગ્ય ઇન્ટ્રાકંપની વ્યવસ્થાઓ, અમારી નીતિઓ અને સુરક્ષા ધોરણોને આધીન છે. વધુ માહિતી માટે, જુઓ કાનૂની આધાર.

બાહ્ય રીતે,

- સપ્લાયરો સાથેના અમારા વ્યવસાયમાં અમારા વતી વ્યક્તિગત માહિતીના સંગ્રહ, ઉપયોગ, વિશ્લેષણ અથવા અન્ય પ્રકારની પ્રક્રિયાનો સમાવેશ થઇ શકે છે.
- અમારા બિઝનેસ મોડલમાં માર્કેટિંગ, વેચાણ અને IBM ઉત્પાદનો અને સેવાઓની જોગવાઈ માટે સ્વતંત્ર બિઝનેસ પાર્ટનર્સ સાથે સહકારનો સમાવેશ થાય છે. જ્યાં યોગ્ય હોય (ઉદાહરણ તરીકે, ઓર્ડરની પરિપૂર્ણતા માટે જરૂરી હોય ત્યારે), અમે પસંદ કરેલા વ્યવસાયિક ભાગીદારો સાથે વ્યવસાયિક સંપર્ક માહિતી શેર કરીએ છીએ.
- અમે વકીલો, ઓડિટર અને વીમા કંપનીઓ સહિત વ્યવસાયિક સલાહકારો સાથે, તેમની સેવાઓ મેળવવા માટે વ્યક્તિગત માહિતી શેર કરી શકીએ છીએ.
- અમે પરિપૂર્ણતામાં સામેલ હોય તેવા અન્ય લોકો સાથે કરાર સંબંધી માહિતી શેર કરી શકીએ છીએ, ઉદાહરણ તરીકે, અમારા વ્યવસાયિક ભાગીદારો, નાણાકીય સંસ્થાઓ, શિપિંગ કંપનીઓ, પોસ્ટલ અથવા કસ્ટમ્સ સત્તાવાળાઓ જેવા સરકારી સત્તાવાળાઓ.
- અમે જાહેરાત ટેક્નોલોજી ભાગીદારો, ડેટા એનાલિટિક્સ પ્રદાતાઓ અને IBM દ્વારા રોકાયેલા સામાજિક નેટવર્ક્સ જેવા તૃતીય પક્ષો સાથે તેમના પ્લેટફોર્મ પર લક્ષ્ય અનુસારની IBM જાહેરાતો પહોંચાડવા, વિશ્લેષણ માટેની માહિતી એકત્રિત કરવા અને તે જાહેરાતો સાથે જોડાણને ટ્રૅક કરવા માટે વ્યક્તિગત માહિતી શેર કરી શકીએ છીએ.

અમુક સંજોગોમાં, વ્યક્તિગત માહિતી ન્યાયિક કાર્યવાહી, કોર્ટના આદેશો અથવા કાનૂની પ્રક્રિયાઓ અનુસાર સરકારી એજન્સીઓને જાહેર કરવાને

આધીન હોઈ શકે છે. જ્યારે IBMને લાગે કે IBM અથવા અન્યના અધિકારોને અસર થઈ શકે તેમ છે, ત્યારે આવા અધિકારોનું રક્ષણ કરવા માટે પણ અમે વ્યક્તિગત માહિતી શેર કરી શકીએ છીએ, ઉદાહરણ તરીકે, છેતરપિંડી અટકાવવા માટે.

# આંતરરાષ્ટ્રીય ટ્રાન્સફરની સુવિધા

તમારી વ્યક્તિગત માહિતી વૈશ્વિક સ્તરે IBMની પેટાકંપનીઓ અને તૃતીય પક્ષો દ્વારા સ્થાનાંતરિત અથવા ઍક્સેસ કરી શકાય છે. IBM તમારી વ્યક્તિગત માહિતી, જ્યાં હોય ત્યાં તેને સુરક્ષિત રાખવા માટે બે દેશો વચ્ચેની વ્યક્તિગત માહિતીના ટ્રાન્સફર અંગેના કાયદાનું પાલન કરે છે.

અમે વિવિધ સુરક્ષા પગલાં અમલમાં મૂક્યા છે જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- કરારની કલમો, જેમ કે EU કમિશન દ્વારા મંજૂર કરાયેલી અને અન્ય કેટલાક દેશોમાં સ્વીકૃત.
- ડેટા ગોપનીયતા ફ્રેમવર્ક પ્રમાણપત્ર. જ્યાં લાગુ પડતું હોય, અમુક વિશિષ્ટ IBM સેવાઓ (ઉદાહરણ તરીકે, IBM ઇન્ફ્રાસ્ટ્રક્ચર-એઝ-એ-સર્વિસ, પ્લેટફોર્મ-એઝ-એ-સર્વિસ, સૉફ્ટવેર-એઝ-એ-સર્વિસ, અને અન્ય હોસ્ટ કરેલી ઓફરિંગ્સ) ડેટા ગોપનીયતા ફ્રેમવર્કનું પાલન કરવા માટે પ્રમાણિત છે. વધુ માહિતી માટે, પ્રમાણિત IBM Cloud સેવાઓ માટે IBM ડેટા ગોપનીયતા ફ્રેમવર્ક નીતિ જુઓ.
- નિયંત્રકો માટે બંધનકર્તા કોર્પોરેટ નિયમો ( IBM BCR-C). અમારી પાસે યુરોપિયન ડેટા પ્રોટેક્શન ઓથોરિટીઝ અને UK ઇન્ફોર્મેશન કમિશનરની ઑફિસ દ્વારા મંજૂર કરાયેલું BCR-C છે. વધુ માહિતી માટે, IBM કંટ્રોલર બંધનકર્તા કોર્પોરેટ નિયમો જુઓ.
- આ ગોપનીયતા નિવેદનમાં વર્ણવેલી IBMની ગોપનીયતા પ્રથાઓ, APEC ક્રોસ બોર્ડર ગોપનીયતા નિયમો ફ્રેમવર્કનું પાલન કરે છે. આ APEC ક્રોસ બોર્ડર ગોપનીયતા નિયમો (CBPR) સિસ્ટમ સહભાગી APEC અર્થતંત્રો વચ્ચે ટ્રાન્સફર થતી વ્યક્તિગત માહિતીનું રક્ષણ પૂરું પાડે છે, જે ibm.com દ્વારા એકત્રિત કરવામાં આવેલી ઑનલાઇન માહિતી સાથે સંબંધિત છે.

---

# નિયંત્રક અને પ્રતિનિધિ માહિતી

IBM વિશ્વભરમાં તેની પેટાકંપનીઓ દ્વારા વ્યવસાય કરે છે. કેટલાક દેશોમાં ગોપનીયતા કાયદાઓ વ્યક્તિગત માહિતીની પ્રક્રિયા કયા હેતુઓ માટે થાય છે અને તે માહિતી પર કેવી રીતે પ્રક્રિયા કરવામાં આવે છે તે હેતુઓને વ્યાખ્યાયિત કરતા નિયંત્રકને કાનૂની એન્ટિટી (અથવા કુદરતી વ્યક્તિ) માને છે.

નિયંત્રક વતી પ્રોસેસિંગ કામગીરીમાં સંકળાયેલા પક્ષોને પ્રોસેસર તરીકે નિયુક્ત કરવામાં આવી શકે છે. અધિકારક્ષેત્રના આધારે હોદ્દો અને સંબંધિત જવાબદારીઓ અલગ પડે છે.

જ્યાં આ તમારા દેશના ગોપનીયતા કાયદાઓ માટે સુસંગત છે, ત્યાં તમારી વ્યક્તિગત માહિતીનો નિયંત્રક તમારા દેશ અથવા પ્રદેશમાં IBMની મુખ્ય પેટાકંપની છે, સિવાય કે International Business Machines Corporation ( IBM Corp). અથવા અન્ય IBM પેટાકંપની તમારી સાથે ચોક્કસ ક્રિયાપ્રતિક્રિયા માટે પોતાને નિયંત્રક તરીકે ઓળખાવતા હોય.

IBM કોર્પ. અથવા અમારા મુખ્ય ગોપનીયતા અને જવાબદાર ટેક્નોલોજી અધિકારીનો સંપર્ક અહીં કરી શકાય છે:

International Business Machines Corporation,
1, North Castle Drive,
Armonk,
New York,
United States of America.

દેશ અથવા પ્રદેશની મુખ્ય પેટાકંપનીની સંપર્ક વિગતો અહીં મળી શકે છે.

જ્યાં IBM કોર્પોરેશન અથવા તેના દ્વારા નિયંત્રિત પેટાકંપનીને કાનૂની પ્રતિનિધિની નિમણૂક કરવી જરૂરી હોય, ત્યાં નીચેના પ્રતિનિધિઓની નિમણૂક કરવામાં આવી છે.

European Economic Area (EEA)

IBM International Group B.V.,
Johan Huizingalaan 765,
1066 VH Amsterdam,
The Netherlands

United Kingdom (UK)

IBM United Kingdom Limited,
PO Box 41, North Harbour,
Portsmouth,

Hampshire, PO6 3AU,
United Kingdom

# માહિતી સુરક્ષા અને રીટેન્શન

તમારી અંગત માહિતીને અનધિકૃત ઍક્સેસ, ઉપયોગ અને જાહેર થવાથી બચાવવા માટે, અમે વાજબી ભૌતિક, વહીવટી અને ટેક્નિકલ સુરક્ષાનાં પગલાંનો અમલ કરીએ છીએ. આ સુરક્ષા પગલાંમાં ભૂમિકા-આધારિત ઍક્સેસ નિયંત્રણો અને ટ્રાન્ઝિટ દરમિયાન વ્યક્તિગત માહિતીને ખાનગી રાખવા માટે એન્ક્રિપ્શનનો સમાવેશ થાય છે. અમારે અમારા બિઝનેસ પાર્ટનર્સ, સપ્લાયર્સ અને તૃતીય પક્ષો માટે અનધિકૃત ઍક્સેસ, ઉપયોગ અને જાહેર થવાથી માહિતીને સુરક્ષિત રાખવા માટે, કરારની શરતો અને ઍક્સેસ પ્રતિબંધો જેવા યોગ્ય સુરક્ષા પગલાંનો અમલ કરવાનું જરૂરી બનાવીએ છીએ.

IBMના AI મૉડલ અને સિસ્ટમ્સ સાર્વજનિક રૂપે ઉપલબ્ધ સ્રોતોમાંથી મળેલા ડેટા પર ડિઝાઇન્ડ, પ્રશિક્ષિત, માન્ય અને પરીક્ષણ કરેલા હોય છે જેમાં આકસ્મિક રીતે વ્યક્તિગત માહિતી શામેલ હોઇ શકે છે. અમે સંકળાયેલી અસરોને ઘટાડવા અને વિશ્વસનીય AIના જવાબદાર વિકાસ અને જમાવટને સંબોધવામાં મદદ કરવા માટે સલામતી, પ્રક્રિયાઓ અને સાધનો લાગુ કર્યા છે.

જે ઉદ્દેશો માટે વ્યક્તિગત માહિતી પર પ્રક્રિયા કરવામાં આવી હોય તે પૂરા કરવા જરૂરી હોય ત્યાં સુધી અથવા જાળવી રાખવાની કાનૂની અને નિયમનકારી આવશ્યકતાઓનું પાલન કરવા માટે જરૂરી હોય ત્યાં સુધી જ અમે તેને જાળવી રાખીએ છીએ. જાળવી રાખવાની કાનૂની અને નિયમનકારી આવશ્યકતાઓમાં નીચેની બાબતો માટે માહિતી જાળવી રાખવાનો સમાવેશ થઈ શકે:

– ઓડિટ અને એકાઉન્ટિંગ હેતુઓ,
– જાળવી રાખવાની વૈધાનિક શરતો,
– વિવાદોનું સંચાલન,
– અને અમે જ્યાં વ્યવસાય કરીએ છીએ તે દેશોમાં કાનૂની દાવાઓની સ્થાપના, અમલ અથવા બચાવ.

અમે વહીવટી હેતુઓ, જાળવી રાખવાની કાનૂની અને નિયમનકારી આવશ્યકતાઓ, IBMના અધિકારોનો બચાવ કરવા અને તમારી સાથેના IBMના સંબંધોનું સંચાલન કરવા માટે, કોઈ પણ કરાર સંબંધી માહિતી જાળવી રાખીએ છીએ. પૂરક ગોપનીયતા નોટિસમાં આપવામાં આવેલી માહિતી જાળવી રાખવાની લાગુ શરતો પર વધુ વિગતવાર માહિતી પ્રદાન કરી શકે છે.

જ્યારે વ્યક્તિગત માહિતીની જરૂર રહેતી નથી, ત્યારે અમારી પાસે તેને સુરક્ષિત રીતે કાઢી નાખવા માટેની પ્રક્રિયાઓ છે, ઉદાહરણ તરીકે ઇલેક્ટ્રોનિક ફાઇલોને ભૂંસી નાખીને અને ભૌતિક રેકોર્ડને ફાડી

નાખીને.

# તમારા અધિકારો

તમારી વ્યક્તિગત માહિતીના સંચાલનની બાબતમાં તમારી પાસે ચોક્કસ અધિકારો હોઈ શકે છે.

અમારો સંપર્ક કરો ફોર્મનો ઉપયોગ આ માટે કરી શકાય છે:

- આ ગોપનીયતા નિવેદન અને ગોપનીયતા પ્રથાઓ સંબંધિત પ્રશ્નો પૂછવા, તમારો સંદેશ જવાબદાર ડેટા પ્રોટેક્શન અધિકારીઓ સહિત, IBMની ડેટા ગોપનીયતા ટીમના યોગ્ય સભ્યને મોકલવામાં આવે છે.
- જો તમે તમારી વ્યક્તિગત માહિતી પર પ્રક્રિયા કરવાની IBMની રીતથી સંતુષ્ટ ન હો તો IBMને ફરિયાદ સબમિટ કરવી.

ડેટા અધિકારોની વિનંતી સબમિટ કરવાના ફોર્મનો ઉપયોગ આ માટે કરી શકાય છે:

- અમારી પાસે રહેલી તમારી વ્યક્તિગત માહિતીની ઍક્સેસની વિનંતી કરવી અથવા તેને અપડેટ કરાવવી કે સુધારવી. લાગુ કાયદાના આધારે, તમારી પાસે તમારી વ્યક્તિગત માહિતી સંબંધિત વધારાના અધિકારો હોઈ શકે છે.
- તમારી વ્યક્તિગત માહિતીને ઉપયોગી ફોર્મેટમાં મેળવવા અને તેને અન્ય પક્ષને ટ્રાન્સમિટ કરવા માટેની વિનંતી કરવી (જેને ડેટા પોર્ટેબિલિટીના અધિકાર તરીકે પણ ઓળખવામાં આવે છે);
- તમારા વિશેની જે અંગત માહિતી અમારી પાસે છે તેને કાઢી નાખવાની વિનંતી કરવી;
- લક્ષિત જાહેરાત જેવા ચોક્કસ વ્યક્તિગત માહિતી પ્રક્રિયાના પ્રકારોને નાપસંદ કરવા

ડેટા અધિકારોની વિનંતીઓની વિગતો

જ્યારે તમે ડેટા રાઇટ્સ (DR) વિનંતી સબમિટ કરો છો, ત્યારે તમે અમને તમારું નામ અને સંપર્ક વિગતો સહિતની વ્યક્તિગત માહિતી પ્રદાન કરો છો, જેનો ઉપયોગ અમે તમારી વિનંતીનો જવાબ આપવા માટે કરીએ છીએ. કેટલાક સંજોગોમાં, તમારી ઓળખ ચકાસવા માટે અને અમે યોગ્ય વ્યક્તિ સમક્ષ વ્યક્તિગત માહિતી જાહેર કરી રહ્યા હોવાની ખાતરી કરવા માટે, અમે તમારા ફોટો IDની નકલની પણ વિનંતી કરી શકીએ છીએ, જે તમારી ઓળખની ચકાસણી પછી તરત જ કાઢી નાખવામાં આવે છે.

પરિચય
અમે એકત્રિત કરીએ છીએ અને ઉપયોગ કરીએ છીએ તે અંગત માહિતી
અંગત માહિતી શેર કરવી
નિયંત્રક અને પ્રતિનિધિ માહિતી
માહિતી સુરક્ષા અને રીટેન્શન
તમારા અધિકારો
કાનૂની આધાર
ગોપનીયતા નિવેદનમાં અપડેટ્સ

તમારી DR વિનંતી મળ્યે, તમારી વ્યક્તિગત માહિતી પર, IBMની કાનૂની જવાબદારીઓ અને DR સંબંધિત પ્રતિબદ્ધતાઓ અનુસાર તમારી DR વિનંતીને હેન્ડલ કરવા અને પરિપૂર્ણ કરવા માટે પ્રક્રિયા કરવામાં આવે છે.

તમે વિનંતી પૂર્ણ થયાના 90 દિવસ માટે IBM ટ્રસ્ટ સેન્ટરમાં DR વેબફોર્મનો ઉપયોગ કરીને તમે સબમિટ કરેલી વિનંતીઓની સ્થિતિ ચકાસી શકો છો. તમારી DR વિનંતીને લગતો ડેટા તેના સંબંધમાં તમારી કોઈ પણ વિનંતીનો જવાબ આપવા માટે અને IBMના અનુપાલન અને રેકોર્ડિંગ હેતુઓ માટે, IBM સાથેના તમારા છેલ્લા DR-સંબંધિત સંચારની તારીખથી ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી જાળવી રાખવામાં આવે છે.

અમે તમારા ડેટા પર કેવી રીતે પ્રક્રિયા કરીએ છીએ તે વિશે વધુ માહિતી માટે, અમે એકત્રિત કરીએ છીએ અને ઉપયોગ કરીએ છીએ તે વ્યક્તિગત માહિતી જુઓ.

તમારા અધિકારો લાગુ કાયદાઓના પરિણામે મર્યાદાઓ અને અપવાદોને આધીન હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, એવી પરિસ્થિતિઓ હોઈ શકે છે જ્યાં તમે શોધી રહ્યા છો તે માહિતી જાહેર કરવાથી અન્ય લોકો વિશેની માહિતી જાહેર થતી હોય તો અમે તે શેર ન કરી શકીએ.

તમને સક્ષમ સુપરવાઇઝરી ઓથોરિટીને ફરિયાદ કરવાનો પણ અધિકાર હોઈ શકે છે. વધારાના અધિકારો, તે ક્યારે લાગુ થાય અને સક્ષમ સુપરવાઇઝરી ઓથોરિટીને ફરિયાદ કરવાના અધિકાર વિશેની માહિતી અહીં મળી શકે છે.

કોઈ ગોપનીયતા અથવા ડેટા ઉપયોગની એવી કોઈ સમસ્યા હોય જેનો અમે સંતોષકારક રીતે જવાબ ન વાળ્યો હોય તો અમારા US સ્થિત તૃતીય-પક્ષ વિવાદ નિરાકરણ પ્રદાતાનો અહીં સંપર્ક કરવા (નિ:શુલ્ક) વિનંતી.

તમારી માર્કેટિંગ સંચાર પસંદગીઓ સેટ અથવા અપડેટ કરવા માટે, IBM Privacy Preference Center ની મુલાકાત લો. તમે પસંદગી દૂર કરવાની વિનંતી પણ સબમિટ કરી શકો અથવા દરેક માર્કેટિંગ ઇમેઇલમાં નીચે આપેલા અનસબ્સ્ક્રાઇબ કરોને પસંદ કરી શકો.

# કાનૂની આધાર

કેટલાક અધિકારક્ષેત્રોમાં, વ્યક્તિગત માહિતીનું કાયદેસર સંચાલન પ્રમાણને આધીન હોય છે, જેને ક્યારેક કાનૂની આધાર તરીકે ઓળખવામાં આવે છે. તમારી વ્યક્તિગત માહિતીના કાયદેસર સંચાલન માટે અમે જે કાનૂની આધારો પર આધાર રાખીએ છીએ તે હેતુ અને લાગુ કાયદાના આધારે બદલાય છે.

અમે ઉપયોગ કરી શકીએ તે વિવિધ કાનૂની આધારો:

### તમારી સાથેના કરારના પાલન માટે જરૂરી છે

જ્યારે અમને અમારી જવાબદારીઓ નિભાવવા અથવા અમારી જવાબદારીઓનું સંચાલન કરવા અથવા તમારી સાથેના અમારા કરાર આધારિત સંબંધ નું સંચાલન કરવા માટે તમારી સંપર્ક વિગતો, ચુકવણી વિગતો અને શિપમેન્ટ વિગતો જેવી અમુક વ્યક્તિગત માહિતી પર પ્રક્રિયા કરવાની જરૂર હોય ત્યારે અમે આ કાનૂની આધાર પર આધાર રાખીએ છીએ.

ઉદાહરણો:

- જો તમે કોઈ ઉત્પાદન અથવા સેવા ખરીદવાનો ઇરાદો ધરાવતા હો, તો અમને તમારી સાથે કરાર કરવા માટે તમારી વ્યવસાયિક સંપર્ક માહિતીની જરૂર પડે અથવા ખરીદેલા ઉત્પાદનને ઑનલાઇન ઍક્સેસ કરવા માટે તમારે IBMid બનાવવાની જરૂર પડી શકે છે (જુઓ તમારી પ્રોફાઇલ).
- સંપર્ક પૂર્ણ કરતી વખતે, તમારે સપોર્ટ સેવાઓ પ્રાપ્ત કરવાની જરૂર પડી શકે છે, જેના માટે અમારે તમારી સંપર્ક માહિતી એકત્રિત કરવાની જરૂર પડશે.
- [illegible] ના પેન્શન હકનું સંચાલન કરવા માટે અમને વ્યક્તિગત માહિતીની જરૂર છે (ભરતી અને ભૂતપૂર્વ કર્મચારીઓ જુઓ).

### IBM અથવા તૃતીય પક્ષના કાયદેસરના હિતના હેતુઓ માટે જરૂરી છે

કાયદેસરની રુચિઓ વ્યવસાયનું સંચાલન અને આયોજન કરવામાં સક્ષમ હોવા સાથે સંબંધિત છે, જેમાં અમારી ઑફરિંગનું માર્કેટિંગ, અમારા કાનૂની હિતોનું રક્ષણ, અમારા IT વાતાવરણને સુરક્ષિત કરવું અથવા ક્લાયન્ટની જરૂરિયાતો પૂરી કરવાનો સમાવેશ થાય છે.
ઉદાહરણો:

- અમે અમારી વેબસાઇટ્સને બહેતર બનાવવા માટે વેબસાઇટના તમારા ઉપયોગ અને તેની સાથેની ક્રિયાપ્રતિક્રિયાને કૅપ્ચર કરીએ છીએ.
- અમારી સેવાઓની ઍક્સેસ અધિકૃતતાનું સંચાલન કરવા માટે અમે તમારા IBMid પર પ્રક્રિયા કરીએ છીએ (તમારું ખાતું જુઓ).
- તમે જે સંસ્થા માટે કામ કરી રહ્યા છો તેની સાથે અમારો કરાર આધારિત સંબંધ હોય, ત્યાં આ કરારનું સંચાલન કરવા માટે

ઉપયોગમાં લેવાતી તમારી વ્યક્તિગત માહિતી પર પ્રક્રિયા કરવામાં અમારું કાયદેસરનું હિત છે.

- તમારી સાથેની અમારી ક્રિયાપ્રતિક્રિયાઓ તમને અનુરૂપ બનાવવા અને અમારા ઉત્પાદનો તથા સેવાઓનો પ્રચાર કરવા માટે અન્ય વ્યવસાય-સંબંધિત માહિતી સાથે સંયોજનમાં અમે તમારી વ્યવસાયિક સંપર્ક માહિતી પર પ્રક્રિયા કરીએ છીએ (તમારું ખાતું જુઓ). માર્કેટિંગ અને બિઝનેસ ઇન્ટેલિજન્સ કેળવવા માટે તમે હાજરી આપી હોય તેવી IBM ઇવેન્ટની વિગતો સાથે અમે તમારી સંપર્ક માહિતી પર પ્રક્રિયા કરીએ તેમ બની શકે.
- અમે અરજદારોની વ્યક્તિગત માહિતી પર અમારા કાયદેસર હિતના આધારે યોગ્ય પ્રતિભા મેળવવા માટે પ્રક્રિયા કરીએ છીએ (ભરતી અને ભૂતપૂર્વ કર્મચારીઓ જુઓ).
- અમારે અમારી સામાન્ય વ્યવસાયિક કામગીરી કાર્યાત્મક રાખવી જરૂરી છે. આ ઉદ્દેશથી અમે, ઉદાહરણ તરીકે, સુરક્ષા અને સલામતીના હેતુસર, અમારી IT સિસ્ટમ્સ અને નેટવર્ક્સની લૉગ ઇન માહિતી અથવા IBM સ્થાનો પરના સીસીટીવી ફૂટેજ પર પ્રક્રિયા કરી શકીએ છીએ.

જ્યાં ન્યાયિક, વહીવટી અથવા આર્બિટ્રલ કાર્યવાહીમાં અમારા અધિકારોનો બચાવ કરવો જરૂરી હોય ત્યાં અમે વ્યક્તિગત માહિતી પર પણ પ્રક્રિયા કરી શકીએ છીએ. આ તે દેશોમાં કાયદેસર હિતના કાનૂની આધાર હેઠળ પણ આવે છે જ્યાં તે અલગ કાનૂની આધાર ગણાતા નથી.

અમે ક્રેડિટ પ્રોટેક્શન માટે વ્યક્તિગત માહિતી પર પ્રક્રિયા કરીએ છીએ, જે બ્રાઝિલિયન કાયદા (LGPD) હેઠળ એક ચોક્કસ કાનૂની આધાર છે પરંતુ તેને અન્ય દેશોમાં કાયદેસર હિતના કાયદાકીય આધાર હેઠળ પણ આવરી લેવામાં આવે છે.

## સંમતિ

જ્યાં અમે વિનંતી કરીએ ત્યાં આ પ્રક્રિયા તમારી સંમતિ પર આધારિત હોય છે. ઉદાહરણ:

- કૂકીઝ અને સમાન ટેક્નોલોજીઓ અથવા માર્કેટિંગ સામગ્રીના ઇમેઇલનો વૈકલ્પિક ઉપયોગ.

## કાનૂની જવાબદારી

જ્યાં અમારે અમારી કાનૂની જવાબદારીના આધારે અમુક વ્યક્તિગત માહિતી પર પ્રક્રિયા કરવાની જરૂર હોય. ઉદાહરણ:

- અમે નાણાકીય વ્યવહારો જેવા અમુક વ્યવહારો માટે સરકાર દ્વારા અપાયેલું ID માંગવા માટે બંધાયેલા હોઇએ તેમ બને (કરાર સંબંધ જુઓ).

# ગોપનીયતા નિવેદનના અપડેટ્સ

જો આ ગોપનીયતા નિવેદનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર કરવામાં આવે, તો અસરકારક તારીખમાં સુધારો કરવામાં આવે છે, અને અપડેટ કરેલા ગોપનીયતા નિવેદન પર 30 દિવસ માટે નોટિસ પોસ્ટ કરવામાં આવે છે. પુનરાવર્તન પ્રભાવિત થયા પછી અમારી વેબસાઇટ્સ અને સેવાઓનો ઉપયોગ કરવાનું ચાલુ રહે તો, એવું માનવામાં આવે છે કે વપરાશકર્તાઓએ ફેરફારો વાંચ્યા અને સમજ્યા છે.

ગોપનીયતા નિવેદનના પહેલાનાં સંસ્કરણો અહીં ઉપલબ્ધ છે.

**આ પ્રકાશનમાં અપડેટ થયેલા વિભાગો:**

1. Your Additional Rights: Brazil
2. Your Additional Rights: Israel
3. Your Additional Rights: US States

અમે IBM ગોપનીયતા નિવેદનને આ ભાષામાં સચોટ રીતે અનુવાદિત કરવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા છે. અનુવાદની કોઈપણ બાબત અંગે જાણ કરવા માટે, આ પેજના હેડરમાં અમારો સંપર્ક કરો પસંદ કરો.

## અન્ય લિંક્સ

- તમારા વધારાના અધિકારો
- ડેટા અધિકારોની વિનંતી સબમિટ કરવાનું ફોર્મ
- કેલિફોર્નિયા પૂરક ગોપનીયતા નિવેદન
- પ્રમાણિત IBM Cloud સેવાઓ માટે IBM ડેટા ગોપનીયતા ફ્રેમવર્ક નીતિ
- IBM કંટ્રોલર બંધનકર્તા કોર્પોરેટ નિયમો
- IBM ટ્રસ્ટ સેન્ટર

TRUSTe Certified Privacy
Powered by TrustArc

TRUSTe APEC Privacy
Powered by TrustArc